નીચેના પરિબળો વયોવૃધ્ધની માનસિકતાને પ્રત્યક્ષ અને પરોક્ષ નોંધપાત્ર અસર કરે છે. ૧) નોકરી, ધંધો, હોદ્દો, સત્તાથી નિવૃત્ત થવું. બહુ જ અગત્યનું મુખ્ય કારણ છે. બીજાને આધીન થઈ સ્વમાન, મનોબળ, વર્ચસ્વ ગુમાવાના લીધે હતાશા ડિપ્રેશન, ચિંતા ઉપજાવે છે ૨) સંયુક્ત કુટુંબપ્રથાની મજબૂત સ્પોર્ટ સીસ્ટમ પડી ભાંગતા વયોવૃધ્ધ એકલા-અટુલા, કિંમત, માન ઓછા થયાની તીવ્ર લાગણી માનસિક રોગ તરફ લઈ જાય છે. ૩) આર્થિક સમસ્યા, ઘટતી આવક, પરવશતા-લાચારીની નકારાત્મક અસર રોજ કરે છે.

માનસિક સમસ્યાની રોજની બહુ જ સામાન્ય ચિન્હો-ફરિયાદો

• ગૂંચવણ, મૂંઝવણ, દિશાશૂન્ય, એકાગ્રતા, નિર્ણય લેવામાં મુશ્કેલી

• ભૂખ-વજન ઘટી-વધી જવું. • ભૂલી જવું, યાદ શક્તિ ઓછી મંદ થવી. ખાસ કરીને નજીક તાજી યાદો • ઊંઘની માત્રા, પ્રમાણ, સમયમાં ફેરફાર, ઓછી થવી • કારણ વગર થાક, નબળાઈ, અશક્તિ • આનંદ પમાડતી પ્રવૃત્તિઓ, વસ્તુ, વ્યક્તિમાં નિરૂત્સાહ અભાવ • રોજ હતાશા, નિરાશા, મુડ ઓફ, ડલ લાગણીનું અનુભવ કરવું. • જીવવાનો રસ ઉડી જવું. આપઘાત-મરવાના વિચારો આવવા. • પસ્તાવા, લાચારી, નિરર્થકતાની લાગણી થવી. • ઢંગ ઢળા વગરની વાતો, પહેરવેશ, રીત, વર્તન, નાણાંકીય વ્યવહારમાં ભૂલો. • દવાની સુરક્ષા (આડઅસર, લેવાની ભૂલી જાય) • ડ્રાઈવિંગ, નાણાની સુરક્ષા, દુઃખાવા, ભૂખ, બેલેન્સની શારીરિક બાબત, જાતે જમવા, બાથરૂમે જવા, ફોન કરવું, ડ્રેસ પહેરવું, બેંકમાં જવાનું ક્રિયા, એકતા, જડ મુડ માટે કુટુંબીજનો, કેર ટેકર સમય સમય સજાગ રહેવું પડે છે. હા, કપરૃં કામ છે. ભૂલવું, ભૂલી જવું, વયવૃધ્ધોમાં થાય અથવા માનસિક રોગમાં થઈ શકે છે.

આજે અનેક એલોપેથીક અસરકારક દવાઓનો ઉપયોગ ડૉક્ટર અને નિષ્ણાત ડૉક્ટરોના માર્ગદર્શન હેઠળ થતા વયોવૃધ્ધની સમસ્યાઓ મંદ, સહન થાય, સાર્થક જીવન જીવી શકે એટલે હદ સુધી શક્ય બન્યું છે. દવા સાથે ધીરજથી વધારે સમય આપવું જરૂરી બને છે.

- ડૉ.જયંતીલાલ પી. ખોના (Mob.: 8779985316)

## જૈન સોશ્યલ ગ્રુપ-મુલુંડ દ્વારા આજે કાર્યક્રમ

JSG મુલુંડ ગ્રુપ દ્વારા આજે બુધવાર તા.૨૦ માર્ચના સાંજના ૬.30 કલાકથી બુફે ડીનર સાથે મેમ્બરો દ્વારા લાઈવ ટેલેન્ટનો કાર્યક્રમ સત્કાર ગ્રાન્ડ હોટેલ, મુલુંડ ચેકનાકા પાસે, વાગલે એસ્ટેટ રોડ સ્થળે રાખેલ છે. (ચોવિહારની સગવડતા રાખેલ છે) ખાસ નોંધ : જૂના સભ્યોનું જેમનું આગામી ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું લવાજમ ભરવાનું બાકી હોય તેઓએ આ પ્રોગ્રામમાં ભરી શકે છે. ગ્રુપનો આગામી પ્રોગ્રામ બુધવાર તા.૨૭ માર્ચના કાલિદાસ નાટ્યમંદિર ખાતે તદ્દન નવું નાટક રાખેલ છે. પ્રમુખ જયંતીલાલ મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦, માનદમંત્રી દિલીપભાઈ શેઠ-૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલબેન કોરડીઆ.

# ઈશાન્ય મુંબઈના ભાજપના ઉમેદવાર મિહિર કોટેચાને સામાજિક કાર્યકર પંકજ છેડાએ આપી શુભેચ્છા

વર્તમાનમાં મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચા શાંત, સરળ અને મિલનસાર સ્વભાવના અને જનમનના સંનિષ્ઠ સેવક તરીકે લોકપ્રિય છે. વિધાનસભ્ય તરીકેની ઉત્તમ કામગીરીની કદર કરતા ભારતીય જનતા પક્ષએ મિહિર કોટેચાને ઉમેદવારી આપી છે. તેઓશ્રી એ એલ.બી.એસ.રોડ સ્થિત મુલુંડ ગૌશાળાના શિફ્ટીંગને સ્થિગત કરવા અગ્ર ભૂમિકા ભજવીને મુલુંડ ઉપનગરના ગૌપ્રેમીઓના દિલજીતી લીધા હતા. ભાજપ મહારાષ્ટ્ર પ્રદેશના ખજાનચી તરીકે સંનિષ્ઠ પણે સંગઠનમાં ફરજ નિયુક્ત મિહિર કોટેચાને તેમની લોકસભા ઉમેદવારીને વધાવતા સામાજિક કાર્યકર પંકજ છેડા તેમના કાર્યાલયમાં રૂબરૂ મળી મિહિર કોટેચાને અભિનંદન આપી વિજયી ભવની શુભેચ્છા આપી હતી.





મુંબઈ ભાજપના અધ્યક્ષ આશિષ શેલાર અને ધારાસભ્ય અને ઉત્તર પૂર્વ મુંબઈ મતવિસ્તારના ઉમેદવાર મિહિર કોટેચાએ સાંસદ મનોજ કોટકના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી તે પ્રસંગની તસવીર

# મુલુંડ ના બી.કે.પાટીલ ઉદ્યાન અને આર્ય ભટ્ટ ઉદ્યાન નૂતનીકરણનું ભૂમિપૂજન સંપન્ન થયું



બુધવાર, તા.૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ મુલુંડ (વે)માં બારકુ ગોવિંદ પાટીલ ઉદ્યાન એસીસી રોડ અને જે.એન. રોડ સ્થિત આર્યભટ્ટ ઉદ્યાનના નૂતનીકરણ કામનું ભૂમિપૂજન સંપન્ન થયું. આ પ્રસંગે પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે, ભરત પાટીલ, પ્રકાશ પાટીલ, યોગેશ શિલવંત, કે.રાજકુમાર નાડાર, રાજેન્દ્ર મોહિતે, પ્રકાશ જાધવ, જતીન ચંદે, સાનિકા ચવાણ, રોશની રાય, જયશ્રી બળેગાર તેમજ જયા મોરે ઈત્યાદિ માન્યવર ઉપસ્થિત હતા.







# આનુવંશિકતા અને ડાયાબિટીસમાં આંખની સ્થિતિ વચ્ચેની કડી અંગે સમજણ

ડાયાબિટોલોજિસ્ટ તરીકે, ખાસ કરીને ડાયાબિટીસ સંબંધી આનુવંશિકતા (જીનેટિક્સ) અને આંખની સ્થિતિ વચ્ચેના ગૂંચવણભર્યા સંબંધને સમજવો ખૂબ મહત્વપૂર્ણ છે. આ પરિસ્થિતિઓમાં આનુવંશિકતા જે ભૂમિકા ભજવે છે તેની સંક્ષિપ્ત ઝાંખી અહીં આપી છે:

**આનુવંશિકતા : જોખમનાક્ષેત્રને નક્કી કરે છે**

જો કે ડાયાબિટીસ મુખ્યત્વે જીવનશૈલીના પરિબળોથી પ્રભાવિત હોય છે, છતાં આનુવંશિક વલણ વ્યક્તિની રોગ પ્રત્યેની સંવેદનશીલતા (susceptibility)માં નોંધપાત્ર રીતે ફાળો આપે છે. અમુક આનુવંશિક ભિન્નતા (geneticvariations) ઇન્સ્યુલિન ઉત્પાદન, ગ્લુકોઝના ચયાપચય અને ડાયાબિટીસ થવા સુધી દોરી જતી અન્ય શારીરિક પ્રક્રિયાઓને પ્રભાવિત કરી શકે છે.

**ડાયાબિટીક રેટિનોપેથી : આનુવંશિક પરિપ્રેક્ષ્ય**

ડાયાબિટીક રેટિનોપેથી, જે ડાયાબિટીસમાં આંખોને અસર કરતી સામાન્ય ગૂંચવણ (કોમ્પલિકેશન) છે,તેમાં આનુવંશિક અને પર્યાવરણીય, એમ બન્ને ઘટકો છે. વ્યક્તિના આનુવંશિક પરિબળો રેટિનોપેથી અને તેની વૃદ્ધિ માટેની સંવેદનશીલતા અંગેની ભિન્નતામાં ફાળો આપે છે. આ આનુવંશિક માર્કર્સ (જિન્સ)ને ઓળખવાથી પ્રારંભિક નિદાન અને વ્યક્તિગત સારવાર માટેના અભિગમો (approaches)નક્કી થઈ શકે છે.




**મેક્યુલર ડીજનરેશન અને ઝામરમાં આનુવંશિકતા :**

ડાયાબિટીક રેટિનોપેથી ઉપરાંત, ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓમાં પ્રચલિત આંખની અન્ય સ્થિતિઓમાં પણ આનુવંશિકતા ભૂમિકા ભજવે છે, જેમ કે મેક્યુલર ડિજનરેશન અને ગ્લુકોમા (ઝામર). આ પરિસ્થિતિઓના આનુવંશિક આધારને સમજવાથી જોખમનું મૂલ્યાંકન, પૂર્વસૂચન (prognosis) અને સારવારની વ્યૂહરચનાઓ વધારે ચોકસાઈપૂર્વક કરી શકાય છે.

**સારવારમાં ચોક્કસતા : ભવિષ્યની સંભાવનાઓ**

આનુવંશિક સંશોધનમાં થઇ રહેલી પ્રગતિ ડાયાબિટીસ સાથે સંકળાયેલ આંખની સ્થિતિનું મેનેજમેન્ટ કરવા માટે વ્યક્તિગત દવા આપવાનો અભિગમ અપનાવવાનો માર્ગ મોકળો કરે છે. આનુવંશિક માર્કર્સને ઓળખીને અને તેમની અસરોને સમજીને, હેલ્થકેર પ્રોફેશનલ્સ દર્દીઓ માટે વ્યક્તિગત સારવાર નક્કી કરી શકે છે, પરિણામોને શ્રેષ્ઠ બનાવી શકે છે અને જટિલતાઓને ઘટાડી શકે છે.

**માહિતી દ્વારા દર્દીઓનું સશક્તિકરણ:**

ડાયાબિટીસમાં આંખની સ્થિતિના આનુવંશિક પાસાઓ વિશે દર્દીઓને શિક્ષિત કરવું મહત્વપૂર્ણ છે. આનુવંશિક પાસાઓ અંગે જાગૃતિ ફેલાવીને અને તેમની સમજણને પ્રોત્સાહન આપીને, દર્દીઓ તેમની સ્થિતિને અસરકારક રીતે મેનેજ કરવા, યોગ્ય તપાસમાંથી પસાર થવા અને તેમની આંખના સ્વાસ્થ્ય વિશે જાણકારીભર્યા નિર્ણયો લેવા સક્રિય પગલાં લઈ શકે છે.

નિષ્કર્ષમાં, ડાયાબિટીસ સાથે સંકળાયેલ આંખની સ્થિતિના જોખમ અને રોગની પ્રગતિ નક્કી કરવામાં આનુવંશિકતા (જીનેટિક્સ) મહત્વની ભૂમિકા ભજવે છે. આ પરિસ્થિતિઓના આનુવંશિક આધારને ધ્યાનમાં રાખીને, આપણે નિદાન, સારવાર અને નિવારણ માટેના વ્યક્તિગત અભિગમો અપનાવવાની નજીક જઈને આખરે સારવારની ગુણવત્તામાં વધારો કરી શકીએ છીએ.

# વરસાદ શરૂ થાય તે અગાઉ મેન હોલ્સને સુરક્ષિત કરવાનો મનપા સમક્ષ પડકાર

મુંબઈ શહેર અને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ઉપનગરોમાં મેનહોલ્સને સુરક્ષિત કરવા માટે વિવિધ વિકલ્પો પસંદ કરવામાં આવી રહ્યા છે. આ માટે મ્યુનિસિપલ ગટર વિભાગ દ્વારા ત્રણ પ્રકારની ૧૦૦ પ્રોટેક્ટિવ નેટ લગાવવાની ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. તેની સફળતા પછી, ગટર વ્યવસ્થા અને વરસાદી પાણી વિભાગ દ્વારા નવેમ્બર, ૨૦૨૩ના અંત સુધીમાં મુંબઈના તમામ મેનહોલ પર નવી રક્ષણાત્મક નેટ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મેનહોલ પર પ્રોટેકટીવ નેટ નાખવાની કામગીરીને વેગ આપવા વોર્ડ કક્ષાના ટેન્ડરો મગાવવા છતાં હજુ સુધી પૂર્ણ કરવામાં આવી નથી. મહત્ત્વની વાત એ છે કે આ વર્ષે મે સુધીમાં મુંબઈના તમામ મેનહોલ પર પ્રોટેક્ટિવ નેટ લગાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે અને ચોમાસા પહેલા તેને પૂર્ણ કરવાનો પડકાર છે. જો નવી મજબૂત રક્ષણાત્મક નેટની ટ્રાયલ સફળ થાય તો મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન મેનહોલ્સ પર ચેતવણી આપતી સાયરન સિસ્ટમને બાજુ પર મૂકવાનું વિચારી રહી છે. હાલમાં આ સિસ્ટમનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેમાં પાલિકાને સફળતા મળી નથી.

મુંબઈમાં ગટર વ્યવસ્થા વિભાગ પાસે ૭૪ હજાર અને વરસાદી પાણી નિકાલ વિભાગ પાસે ૨૫ હજારથી વધુ મેનહોલ છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આ મેનહોલ્સને સુરક્ષિત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા દોઢ-બે વર્ષથી મેનહોલનું કવર ચોરી થવું, ખરાબ થવું કે તૂટી જવાને કારણે અગવડતા થાય છે. હાઈ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનને મેનહોલ પર મજબૂત રક્ષણાત્મક નેટ લગાવવા પણ સૂચના આપી હતી. તદનુસાર, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ગટર વ્યવસ્થા વિભાગે સ્ટેનલેસ સ્ટીલ, ફાઈબર અને ડક્ટાઈલ આર્યન નેટ લગાવવાની યોજના બનાવી હતી. પૂર્વ ઉપનગરો, પશ્ચિમ ઉપનગરો અને શહેરના વિસ્તારોમાં ગટરના અધિકારક્ષેત્ર હેઠળના મેનહોલ્સ પર ત્રણેય પ્રકારની ૧૦૦ સલામતી જાળીઓ લગાવવામાં આવશે. નવા પ્રકારની ૧૦૦ જાળીઓની સમીક્ષા કર્યા પછી જ બાકીના મેનહોલ વધુ મજબૂત નેટ સાથે સ્થાપિત કરવામાં આવશે.


## ઘોઘારી વિશાશ્રીમાળી જૈન

સર્વોદયનગરમાં ચાલતા અન્નક્ષેત્રમાં છેલ્લાં ૧૬ વર્ષથી સક્રિયપણે કાર્યરત તેમજ ૫૦૦થી વધારે જરૂરિયાતમંદ લોકોને જમાડવાનું કાર્ય કરનારા અન્નક્ષેત્રના સેવાભાવી કાર્યકર

**જયેશભાઈ શાહને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ**







**જયેશ ધીરજલાલ શાહ (ઉ.વ. ૫૯)**

(મહુવા નિવાસી, હાલ મુલુંડ)

**અરિહંતશરણ : રવિવાર, તા.૧૭-૩-૨૦૨૪**

હે ઈશ્વર ! આવું શાને થાય છે? જે હોય છે સર્વેને મનગમતા તે જ તસ્વીર બની જાય છે.
જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન સત્ય હોવા છતાં
કેટલા મૃત્યુ એવા હોય છે જેના ઘાવ કદી રૂઝાતા નથી.
પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતને સદ્ગતિ અર્પે એવી
તેમજ શીઘ્ર મોક્ષગામી બનાવે એવી પ્રાર્થના...

**લિ.**

**શ્રી સર્વોદય અન્નક્ષેત્રના કાર્યકરોની અશ્રુભીની શ્રદ્ધાંજલિ**


# લોકલ ટ્રેનોમાં વરિષ્ઠ નાગરિકો માટે અલગ કોચની સુવિધા મળશે

મુંબઈ ઉપનગરની વેસ્ટર્ન અને સેન્ટ્રલ રેલવેના લોકલના લગેજ કોચમાંથી એક કોચમાં ફેરફાર કરીને વરિષ્ઠ નાગરિકો માટે અનામત રાખવાના પ્રસ્તાવને રેલવે બોર્ડે મંજૂરી આપી છે. મુંબઈ ઉપનગરીય ટ્રેનોના પ્રથમ અને છેલ્લા સેકન્ડ ક્લાસના કોચમાં સાત સીટ વરિષ્ઠ નાગરિકો માટે આરક્ષિત હોય છે. સામાન્ય રીતે લોકલ ટ્રેનમાં ચાર લગેજ કોચ હોય છે. તેમાંથી ટ્રેનની વચ્ચેના લગેજ ડબ્બાને બદલીને વરિષ્ઠ નાગરિકો માટે આરક્ષિત રાખવાનો પ્રસ્તાવ સેન્ટ્રલ વેસ્ટર્ન રેલવેએ મૂક્યો હતો. રેલવે મંત્રાલયના ઇલેક્ટ્રિકલ ડિરેક્ટોરેટ દ્વારા દરખાસ્તની ચકાસણી કર્યા બાદ ૧૦૪ મુસાફરોની ક્ષમતાવાળા રિઝર્વ કોચના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે, જેમાં ૧૩ બેઠકો અને ૯૧ મુસાફરોના ઊભા રહેવાની ક્ષમતા હશે.

વરિષ્ઠ નાગરિકોને તેમની દૈનિક સ્થાનિક મુસાફરીમાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને મર્યાદિત બેઠકોના મુદ્દાઓ પર બોમ્બે હાઈ કોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે મધ્ય અને પશ્ચિમ રેલવેને પૂછતા રેલવે સત્તાવાળાઓએ ખુલાસો કર્યો હતો કે લગેજ કોચનો ઉપયોગ ઓછો હોવાથી સિનિયર સિટીઝન માટે એક કોચને રૂપાંતરિત કરવાની યોજના હતી અને આ પ્રસ્તાવને મંજૂરી માટે રેલવે બોર્ડને મોકલવામાં આવ્યો હતો.

# રોડના શોર્ટ નામથી લગાવેલા બોર્ડ સુધારીને મહાનગર પાલિકા દ્વારા નવા લગાવ્યા

મુંબઈ મહાનગર પાલિકા દ્વારા મુલુંડમાં મહાત્મા ગાંધી રોડ નામને ટૂંકાવીને એમ.જી.રોડ લખીને ઠેકઠેકાણે બોર્ડ લગાવ્યા હતા. જેની તરફ જાગૃત નાગરિકો દ્વારા આ ગફલત પ્રત્યે વર્તમાન પત્રો તેમજ મનપા ટી વોર્ડ ઓફિસના એડીશનલ ચીફ કમિશનર ઈત્યાદીને પત્રો દ્વારા રજૂઆત કરી આ બાબતે સખત વિરોધ દર્શાવાયો હતો. આ આક્રોશ ભરી લાગણીની યોગ્ય રીતે નોંધ લીધી હતી. જેના પરિણામ સ્વરૂપે હવે રોડનો સંપૂર્ણ નામ લખી સુધારિત નવા બોર્ડ લગાવ્યા છે. આમ સુધરાઈ એ વહેલાસર પોતાની ભૂલ સુધારવાની કાળજી લીધી હોવાનું જાગૃત નાગરિક સી.એ. મહેન્દ્ર સદલાણી પૂર્વ પ્રમુખ અને સલાહકાર ગુજરાતી વિચાર મંચ દ્વારા જણાવાયું છે.







આંબેડકર રોડના ફૂટપાથની બેસુમાર હાલતને લીધે આવતા જતા રાહદારીઓને તકલીફ થાય છે. પ્રશાસન દ્વારા કોઈ ધ્યાન આપતું નથી. કોઈ હાદસો થાય એ પહેલા યોગ્ય પગલા લઈ સમારકામ કરવું જોઈએ.



# ભાજપા કાર્યકરોનું ભાંડુપમાં સંમેલન

ઈશાન મુંબઈ લોકસભા બેઠક માટે ભાજપા દ્વારા જાહેર થયેલા ઉમેદવાર મિહિર કોટેચાના સમર્થન માટે શુક્રવાર તા.૧૫ માર્ચના રોજ ભાંડુપ ખાતે યોજાયેલા સંમેલનમાં લોકસભાના ઉમેદવાર મિહિર કોટેચા સાથે સાંસદ મનોજ કોટક અને માજી સાંસદ કિરીટ સોમૈયા તસવીરમાં જણાય છે.



## લોકસભાની ચૂંટણીમાં ભાજપ તરફથી મિહિર કોટેચા... (૭મા પાનેથી ચાલુ)

વર્તમાન સાંસદ મનોજ કોટકને અકળ કારણોસર બદલી વર્તમાન વિધાનસભ્ય મિહિર ચંદ્રકાન્ત કોટેચાની વરણી કરી છે.

ગત લોકસભાની ચૂંટણીમાં તે વખતના સીટિંગ એમ.પી. ડો. કિરીટ સોમૈયાનું નામ એનડીએના સાથી પક્ષ શિવસેનાની સખત નારાજગીને લક્ષમાં લઈ છેલ્લી ઘડીએ ખેંચતાણ ભરી પરિસ્થિતિ બાદ તત્કાલીન નગરસેવક મનોજ કોટકનું નામ જાહેર કર્યુ હતું. ઘાટકોપર, મુલુંડના ગુજરાતીઓના સબળ સાથને લીધે લીધે મનોજ કોટક ભારે મતોથી વિજયી થયા હતા. ફરી આ વખતે ભાજપએ અકળ કારણોસર સીટિંગ એમ.પી.ને બદલે શાંત, સૌમ્ય ભાષી એવા મુલુંડના વર્તમાન ધારાસભ્ય મિહિર કોટેચાની પસંદગી કરી આશ્ચર્યજનક આંચકો આપ્યો છે.

પક્ષના મોવડી મંડળના નિર્ણયને ખેલદિલીપૂર્વક વધાવી સાંસદ મનોજ કોટકએ ઈશાન્ય મુંબઈના ઘોષિત થયેલ ઉમેદવાર મિહિર કોટેચાને રૂબરૂ મળી અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.



મિહિર કોટેચાએ ઉમેદવારીની જાહેર થયાંની દસ મિનિટ અગાઉ પોતાને જાણ થયા હોવાની કહી પાર્ટીનો આદેશ શિરોમાન્ય કરી વિકાસ પુરૂષ, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા ૪૦૦ સાંસદનો લક્ષ્યાંક પાર કરવાની જવાબદારી હવે સખત મહેનત થી પાર પાડવાની છે એવો નમ્રપણે કહ્યુ હતું.

મુલુંડકરો નસીબદાર છે કે છેલ્લી ૩ ટર્મથી સાંસદ તરીકે સ્થાનિક મુલુંડ નિવાસી પ્રતિનિધિઓ મળતા રહ્યાં છે. ડો.કિરીટ સોમૈયા, મનોજ કોટક અને હવે મિહિર કોટેચા, સદનસીબે ઉપરોક્ત ત્રણે જન પ્રતિનિધિઓ, પ્રભુ રામચંદ્રના વંશજ એવા રઘુવંશી સમાજ તરફથી છે.


શાસક એનડીએના ઉમેદવારનું નામ જાહેર થઈ ગયું છે તેમની સામે ઈન્ડિયા ગઠબંધન તરફથી શિવસેના ઉદ્ધવ ઠાકરે પક્ષના પૂર્વ સાંસદ સંજય દિના બામા પાટીલનું નામ જાહેર થવાનો અંદાજ વ્યક્ત થઈ રહ્યો છે.



AquaHeal PHYSIOTHERAPY

તમારી સાંધા અને સ્નાયુઓની ઈજાને મેડિસીન અથવા સર્જરી વગર માત આપો

ડૉ. પ્રણાલી ગોગરી-છેડાના માર્ગદર્શનમાં એક્વા - ફિઝીયોથેરેપી દ્વારા




શું તમને...

૧. ઘૂંટણનો ઓસ્ટિઓ-આર્થરાઈટીસ છે ?

૨. ડોકટરોએ ચાલવા અથવા સીડી ન ચઢવા કહ્યું છે ?

૩. વજન ઘટાડવાની સૂચના મળી છે ?



માત્ર એક્વા-ફિઝીયોથેરાપી થી એનો ઉકેલ લાવી શકાય છે!

સ્નાયુઓને મજબૂત કરવા માટે મુલુંડમાં એકમાત્ર વ્યવસ્થા...

ફ્લોટ હાઉસ ખાતે ઇન્ડોર, તાપમાન-નિયંત્રિત પૂલ.

એક્વા ફિઝીયોથેરાપી ના ફાયદાઓ

- વજન ઘટાડવામાં
- ઇંચ ઘટાડવામાં
- સ્નાયુઓ મજબૂત કરવા માટે
- કાર્યશક્તિ (સ્ટેમિના) વધે છે
- સાંધાઓ પર પડતું દબાણ ઘટે છે અને સોજો ઓછો કરે છે
- સાંધાઓનો દુ:ખાવો ઘટાડે છે

અન્ય વિશિષ્ટ સેવાઓ :

સ્ટ્રોક માટે ન્યુરોફિઝિયોથેરાપી, પાર્કિન્સન રોગ, સંતુલનની સમસ્યા માટે સેવાઓ ઉપલબ્ધ છે


આ ઉપરાંત પ્રેગ્નન્સી ફિટનેસ ક્લાસ પણ ચાલુ છે.

VENUE : THE FLOAT HOUSE

૧૦, બિશેન ઉદ્યોગ પ્રીમાઈસેસ, પી.કે.રોડની સામે, આશા નગરની પાછળ, વેલોકસ મોટર વર્કશોપની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

CALL : 91377 50676

# મારા ડાયરીના થોડા પાનાં : મજબુત મનબળ અને વ્યક્તિની આંખો




ઈશ્વર આપણને ભય નહિ. તેની બદલે શક્તિ અને પ્રેમની ભાવનાઓ આપી છે અને મજબૂત મગજ આપ્યું છે. ડર તો આપણા સામાન્ય વિચારોની પેદાશ છે. ડર એ આપણો કુદરતી ગુણ નથી. પરંતુ આપણી પ્રવૃત્તિઓને ઓળખવનાર છે. જે આપણા સંજોગોના વારસામાંથી મળે છે. જે વ્યક્તિને ડર લાગતો હોય તેણે એક વાત સમજવાની ખાસ જરૂર છે કે ઈશ્વર ડર પેદા કરતો નથી.

ઈશ્વર કદી ડરાવતો નથી. આપણને લાગતા ડરમાં તમારે માત્ર એક પરાજયના ડરને ડરાવવાનો છે. આ નિષ્ફળતાના ડરને દૂર કરવા માટે એટલું નક્કી કરો કે હું કંઈક મહાન કાર્ય કરવાના પ્રયાસમાં નિષ્ફળ જવાનું પસંદ કરીશ. પ્રયાસ કર્યા વિના જ સફળતા મને ગમશે નહી. જે વ્યક્તિ સંકલ્પ લે છે અને આગળ વધે છે તે બિરદાવાલાયક છે. ટોચ પર પહોંચવાની કોશિશ કરવા છતાં જે સફળ થતો નથી એ પણ પ્રશંસાને પાત્ર છે.

જે વ્યક્તિ સમાજની સેવા ખાતર કોઈ જાહેર પદ માટે પોતાની ઉમેદવારી નોંધાવે પછી ભલે તેની ટીકા થાય કે તેના સ્વાભિમાનને પણ પડકારવામાં આવે અને એવું પણ બને કે છેવટે તે ચૂંટણી હારી જાય. પરંતુ તેની દૃઢતા માટે તો તેને અભિનંદન જ આપવા જોઈએ. તમામ પાસા વિચારીને પોતાના પ્રયાસમાં દૃઢ પણ વળગી રહેનાર પછી ભલે નિષ્ફળ જાય. તો પણ તે જે ખરો વિજેતા છે. કારણ કે તેણે જોખમ ઉઠાવવાનો ડર જીતી લીધો છે. જે વ્યક્તિ કોઈ મહાન કામ કરવાની કોશિશ કરીને હારી જાય તો પણ તે જ વાસ્તવમાં મહાન વિજેતા હોય છે.

મતભેદ એવું મંચ છે. જ્યાં રાજકારણને વિકસવા માટે યોગ્ય વાતાવરણ મળી રહે છે. મનુષ્યની આંખો તેના વ્યક્તિત્વનો અરીસો છે. જે શબ્દો તે બોલતો નથી તે આંખો વ્યક્ત કરી દે છે. આંખો બે રીતે તેમને મદદ કરે છે. લોકો સાથે નજર મિલાવતાની સાથે એ વાત સાબિત થઈ જાય છે કે તમારામાં આત્મવિશ્વાસ છે. જો વાતચીતમાં આંખો ઝુકાવી નતમસ્તક થઈ જાય છે. તો સામેવાળી વ્યક્તિ એવું સમજશે તમે ડરપોક અથવા બેઈમાન છે. અથવા કંઈક છુપાવવાનો પ્રયત્ન કરો છો.


કેટલાક લોકો સ્વભાવથી જ શરમાળ હોય છે. સ્વાભિમાન, આત્મવિશ્વાસ, વિજય માટે તો તરવરાટ, જુસ્સો, શક્તિ બધુ જ પરંતુ કોઈની સાથે આંખ મિલાવી શકતા નથી જો તમારું પણ આવું હોય તો એક જ રસ્તો છે. લોકો સાથે નજર મિલાવવાની ત્યાં સુધી પ્રેક્ટીસ કરો. જ્યાં સુધી તમને આની આદતના પાડે. જોકે સફળતા માટે આંખો પાસેથી આ ઉપરાંત કામ પણ લેવું પડે છે. આંખની ભાષા દ્વારા જ બીજા લોકો જે કહે છે તેની મહત્વપૂર્ણ પ્રતિક્રિયા નક્કી થાય છે.

આજે મોટી કંપનીમાં તમારો પરિચય આપ તો સામે વ્યક્તિ સાથે નજર મેળવી વાત કરાવી હોય. ફિલ્મ જગત આ પ્રેક્ટીસ સાધારણ છે. જો તમે સામે સામે નજર વાત કરી હો તેમને પ્રેક્ટીસ પર ન બોલાવે. સફળતા માટે આ ચાવી જરૂરી છે? આંખની ભાષા મારફતે બીજા લોકો જે કહે છે. તેની મહત્વની પ્રતિક્રિયા નક્કી થાય છે.

આંખો હકીકતમાં આત્માનો અરીસો છે. તમે શું અનુભવો છે. તેની અભિવ્યક્તિ આંખો મારફત થાય છે. પ્રેમ, ઘૃણા, નફરત, ભય, જેવા અનેક ભાવ આંખો વ્યક્ત કરે છે. આંખો વડે ઈચ્છિત સંદેશ આપવા મનમાં પણ તેવો જ ભાવ ઉત્પન્ન કરવા પડશે. ત્યારે મનમાં વિચારવું પડશે કે હા, હું તમારી ફિકર કરું છું. જો આવું વિચારશો તો આંખો પણ આ પ્રમાણે જ બોલશે.

આંખો એ તો આત્માની તસ્વીર છે. એટલે જ્યાં સુધી વિચાર નહીં બદલાય ત્યાં સુધી આંખની તસ્વીર બદલાશે નહિ.

## હાઈકુ




પ્રીતનું જળ
પીધું, દિલ દરિયે,
ભરતી આવી.

ભૂલોનો ભાર?
ઊંચકી ફરવાની
ભૂલ ના કરો.

કોયલ કાળી,
વસંતને નજર
ના લાગવાની.

તેજ આપવા
દીપ ઝઝૂમે,
પવન સામે.

પંખીઓનો છે
કલશોર, વસંત
ભાવ-વિભોર.

મહેનતની
સાઈકલ દોડતી
જ રહેવાની.

# માઈનોરીટી સર્ટીફીકેટ માટે રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ (રજી.)ની સેવા ઉપલબ્ધ રહેશે

બોર્ડની પરીક્ષાઓ પૂરી થવા આવી છે. જેના પરિણામો જાહેર થવાની સાથે કોલેજ પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ કોલેજ પ્રવેશ પ્રક્રિયા માટે સારા એવા ચિંતિત હોય છે. પ્રવેશ માટે ગુજરાતી ભાષી માઈનોરીટી સર્ટીફીકેટ આંશિક રૂપે મદદ થતું હોય છે. તેથી વિદ્યાર્થીઓ પોતાના સંબંધિત સમાજની ઓફિસોમાંથી એ મેળવી રહ્યા છે. પણ કેટલાક નાના સમાજોની ઓફિસ દૂરના બીજા પરામાં અથવા ન પણ હોવાથી એમને માટે પોતે ગુજરાતી ભાષી હોવા છતાં માઈનોરીટી સર્ટીફિકેટ મેળવવું મુશ્કેલ બની જાય છે. આવી પરિસ્થિતિમાં ગુજરાતી ભાષી હોવાના પૂરતા પ્રમાણપત્રો સાથેના સ્થાનિક વિદ્યાર્થીઓને વિના મુલ્યે આ સુવિધા રઘુ શક્તિ સેવા ટ્રસ્ટ (રજી.) દ્વારા પણ ઉપલબ્ધ કરાવી આપવા નક્કી કરવામાં આવ્યું છે. એ પ્રમાણે છેલ્લા કેટલાક વર્ષોથી ચાલુ રહેલી આ નિઃશુલ્ક સેવા આ વર્ષે પણ ચાલુ રહેશે. છેલ્લે આપેલ પરીક્ષા (એસ.એસ.સી. કે તેથી ઉપર)ની પ્રાપ્ય રસીદની નકલ, આધારકાર્ડ ઝેરોક્ષ, સ્કૂલ લીવીંગ અથવા બર્થ સર્ટીફીકેટની નકલ સાથે વિદ્યાર્થીની માહિતી આપતું સંસ્થાનું નાનું અરજી ફોર્મ ભરવાનું રહેશે. ઈચ્છુક વિદ્યાર્થીઓ/વાલીઓ આ સંદર્ભે વધુ વિગત અને આ સર્ટીફીકેટ, સંસ્થાના કાર્યાલય લાલજી સરના આનંદ કલાસીસ, ૧૮-ગાયત્રી કૃપા બીલ્ડીંગ (ગ્રાઉન્ડ ફ્લોર), પોલીસ સ્ટેશનની સામે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ (પશ્ચિમ) માં પ્રાપ્ય હશે. સર્ટીફીકેટ ૨૬ માર્ચ-૨૦૨૪ થી આપવાનું શરૂ થશે, સમય સાંજે ૬-૦૦ થી ૭-૦૦, (રવિવાર સિવાય). સંપર્ક સૂત્રો- ટ્રસ્ટી-શ્રી લાલજી સર (૯૮૯૨૦૦૬૬૨૮)

## कदम आगे बढाते चलो



प्रभाबेन पोपट

संगठन गढ़े चलो,
सुपंथ पर बढ़े चलो।
भला हो जिसमें देश का,
वो काम सब किए चलो ।।ध्रु।।

युग के साथ मिल के सब कदम बढ़ाना सीख लो।
एकता के स्वर में गीत गुनगुनाना सीख लो।
भूल कर भी मुख में जाति-पंथ की न बात हो।
भाषा-प्रांत के लिए कभी ना रक्तपात हो।
फूट का भरा घड़ा है फोड़ कर बढ़े चलो ।।१।।

आ रही है आज चारों ओर से यही पुकार।
हम करेंगे त्याग मातृभूमि के लिए अपार।
कष्ट जो मिलेंगे मुस्कुरा के सब सहेंगे हम।
देश के लिए सदा जिएंगे और मरेंगे हम।
देश का ही भाग्य अपना भाग्य है ये सोच लो ।।२।।

संगठन गढ़े चलो, सुपंथ पर बढ़े चलो।
भला हो जिसमें देश का, वो काम सब किये चलो।
।। भारत माता की जय।।

# રંગોનો તહેવાર હોળી




*ભારત તહેવારોનો દેશ છે. તેમાં પણ હોળીનો તહેવાર ખૂબ આનંદ અને ઉલ્હાસથી ઉજવાય છે. હોળી એ શિયાળાની ઋતુનો અંત અને ઉનાળાનું આગમન સૂચવે છે. હોળી એ રંગોનો તહેવાર છે. ભારતમાં દરેક તહેવારનું પોતાનું આગવું મહત્વ છે તે છતાં આ તહેવારમાં ઉડતી વિવિધ રંગોની છોળો તેને એક વિશિષ્ઠ તહેવારનો દરજ્જો આપે છે.*

*અન્ય કોઈ પણ તહેવારની જેમ જ હોળીની ઉજવણીમાં આહાર અથવા ભોજન નિર્ણાયક ભાગ ભજવે છે. તો ચાલો, આ વર્ષે તમારી થાળીમાં રંગો ઉમેરીને આવનારી હોળીને થોડી વિશેષ બનાવીએ...*

*તમારા આહારની થાળીમાં વિવિધ રંગોના ફળો અને શાકભાજીનો સમાવેશ કરો.*

*આ હોળીમાં નાસ્તા અને મીઠાઈઓ માટે અહીં કેટલાક આરોગ્યપ્રદ વિકલ્પો આપ્યા છે.*

*● બેક્ડ કરંજીને શેલો ફ્રાય કરીને તેમાં સફરજન જેવા વિવિધ ફળો ઉમેરી શકાય છે.*

*● ઓટ્સની ઈડલી ● મગની દાળના દહીંવડા ● મૂંગચાટ / બાજરી (મિલેટ) ચાટ ● ડ્રાય ફ્રુટ લસ્સી ● ચોખાની ખીર*

***ઠંડાઈ :** એક અદ્ભૂત તાજગી આપતું ઠંડુ પીણું છે જે શરીરમાં ઊર્જાનોસંચાર કરે છે. આ એક દૂધમાં બનાવેલું સ્વાદિષ્ટ નેચરલ ઉત્તર ભારતીય ઠંડુ પીણું છે.*

*સ્વાસ્થ્યપ્રદ ઠંડાઈની રેસિપી બે વ્યક્તિઓ માટે બનાવવામાં લાગતો સમય ૧૦ મિનીટ*

***સામગ્રી : પાવડર બનાવવા માટે :***

*● ૧/૨ ચમચી ઈલાયચી, ૨ ચમચી ખસખસના દાણા, ૧ ચમચી વરીયાળી, ૫-૬ કાળા મરી, ૩/૪ ચમચી કેશર, ૧ ચમચી તરબૂચના શેકેલા બીજ અથવા સનફ્લાવરના બીજ.*

*ઉપરની બધી સામગ્રીને એકસાથે મિક્સરમાં પીસીને પાવડર બનાવી લો.*

***પીણું બનાવવા માટે :** ૪ કપ બદામનું દૂધ, ૪ નંગ ઠળિયા વિનાની (સીડલેસ) ખજૂર.*

***ગાર્નીશિંગ માટે :** છીણેલા પિસ્તા / બદામ.*

***બદામના દૂધની થંડાઈ બનાવવાની રીત :** દૂધને ઉકાળો અને તેમાં ઉપર જણાવ્યા મુજબ બનાવેલો પાવડર ઉમેરીને સારી રીતે મિક્સ કર્યા પછી મિશ્રણને છાણી લો. ત્યાર બાદ તેને ઠંડુ કરવા રેફ્રીજરેટરમાં મૂકો.*

*પરિવારજનો અને મિત્રો સાથે આ ઠંડાઈનો આનંદ માણો. સ્વસ્થ રહો, સુરક્ષિત રહો.*

# ઈમ્પલ્સ સ્કીન ક્લીનિક આયોજીત વિમેન્સ ડે સેલિબ્રેશનને ભવ્ય સફળતા





મુલુંડ (વેસ્ટ)માં એમ.જી. રોડ સ્થિત ઈમ્પલ્સ સ્કીન ક્લીનિકના કોસ્મેટોલોજીસ્ટ ભાવનાબેન શેઠ દ્વારા શનિવાર, તા.૧૬ માર્ચના રોજ એન.એસ. રોડ સ્થિત વિકાસ પલાઝોના ક્રાઉન બેન્કવેટમાં વિમેન્સ ડેનું ગ્રાન્ડ સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું જેમાં મુલુંડના સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટ બીજલ ગડા, હેમાબેન ગાંધી, હીનાબેન ઠક્કર, સંગિની ગ્રુપના હીનાબેન, ગીતાબેન, ડિમ્પલ કોરડિયા, સ્મિતાબેન, જેડલ ગ્રુપના હીનાબેન, નેમી ક્વિન્સ ગ્રુપના સેજલબેન શાહ સહિત અન્ય અગ્રણી ગ્રુપના કમિટિ મેમ્બરો સહિત ૨૦૦થી વધુ મહિલાઓએ હાજરી આપી હતી.



આ પ્રસંગે ઉપસ્થિત માનૂનીઓને એન્કરે વિવિધ ગેમ્સ રમાડી હતી તેમજ ડાન્સ, સિંગીંગ જેવા મનોરંજક કાર્યક્રમોએ ઈવેન્ટને ચાર ચાંદ લગાડી દીધા હતા. કાર્યક્રમમાં ગેમ્સના વિજેતાઓને પ્રાઈઝ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે કેક કટિંગ કર્યા બાદ સૌ નાસ્તાની મજા માણીને છૂટા પડ્યા હતા.

# ભૂ.પૂ. નગરસેવિકા સવિતા કાંબલેના પ્રયત્નોથી તૂટેલા કેબલનું સમારકામ કરાયું

મુલુંડ(વેસ્ટ)માં આર.એચ. બી. રોડ ઉપર ચાલી રહેલા કામ વખતે ત્યાં એમએસઈબીનો કેબલ તૂટી ગયો હતો. ભૂતપૂર્વ નગરસેવિકા સમિતા કાંબલેને આ બાબતની જાણ થતાં તેમણે તરત એમએસઈબીમાં ફોન કરીને એ તૂટેલા કેબલને પાછો જોઈન્ટ કરાવ્યો હતો. આ બાબતે તેમણે ભાજપની મહિલા અધિકારીઓ સવિતા રાજપૂત, ઉર્મિલા મોર્યા, જ્યોતિ કુશવાહ, મંદાકિની કદમનો આભાર માન્યો હતો જે આ સમારકામ પુરૂં થાય ત્યાં સુધી સ્થળ પર ખડે પગે ઊભી હતી.






# શ્રી વાસુપૂજ્ય જિનાલયનો ૭૨મો ધ્વજારોહણ ભવ્ય રીતે સંપન્ન થયો





શ્રી શત્રુંજય ગિરિરાજથી પધારેલ પ્રાચીન વાસુપૂજ્ય દાદા જ્યારથી શ્રી મુલુન્ડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડનાં જિનાલયમાં ગાદીનશીન થયા છે ત્યારથી મુલુન્ડની આધ્યાત્મિક અને આર્થિક પ્રગતિ દિવસોદિવસ વધી રહી છે. વાસુપૂજ્ય દાદા દરેક શ્રદ્ધાળુનાં આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યા છે. ફાગણ સુદ પાંચમ, ગુરુવાર, તા.૧૪ માર્ચના વાસુપૂજ્ય જિનાલયના ૭૨મા વર્ષગાંઠના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાની ધજા ચડાવવામાં માનવ મહેરામણ ઉમટી પડયું હતું. ચતુર્વિધ સંઘની હાજરીમાં ગુરૂ ભગવંતે આપેલા શુભ ચોઘડિયે ઓમ પુણ્યાહં પુણ્યાહં પ્રિયંતા પ્રિયંતાના ગગનભેદી નાદોની વચ્ચે હજારો ભાવિકોનાં ઉછળતાં હૈયે સંગીતના નાદ અને તાળીઓના ગડગડાટ વચ્ચે જિનાલયનાં શિખરો ઉપર ધજાઓ લહેરાવવામાં આવી હતી.

પ.પૂ. આચાર્ય ભગવંત વૈરાગ્યદેશનાદક્ષ હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના વિનયી શિષ્ય રત્ન વર્ધમાન તપોનિધિ પ.પૂ. પં. શ્રી રત્નબોધિવિ.મ.સા. (મૂળ મુલુન્ડના સંસારી શ્રી રોહિતભાઈ ગાલા) આદિ ઠાણા તથા અચલગચ્છીય સમુદાયના મુનિરાજ શ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા. આદિ ઠાણા, તપાગચ્છીય પ.પૂ.સા. શ્રી જિનધર્માશ્રીજી મ.સા. તેમજ અચલગચ્છીય પ.પૂ.સા. શ્રી સિદ્ધિવર્ષાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રા પ્રાપ્ત થઈ હતી.



પૂજ્યશ્રીના આશીર્વાદ લેવા અને ધ્વજારોહણ પ્રસંગને માણવા ઈશાન મુંબઈમાંથી જેમને ભાજપ તરફથી લોકસભાની ઉમેદવારી પ્રાપ્ત થઈ છે એવા વર્તમાન ધારાસભ્ય મિહિર કોટેચા તેમના કાર્યકરો સાથે ખાસ પધાર્યા હતા. આવતા વર્ષના ફાગણ સુદ પાંચમના સંઘ સ્વામી વાત્સલ્ય માટેના લાભ માટે અનેકની અરજીઓ આવી હતી. તેમાંથી આવતા વર્ષનો લાભ ફરીથી વાસુપૂજ્ય કલ્યાણ મિત્ર પરિવારને મળ્યો હતો.

મુલુંડના તમામ સકળ સંઘના સ્વામી વાત્સલ્યનો લાભ આ વર્ષે શ્રી વાસુપૂજ્ય કલ્યાણ મિત્ર પરિવારે લીધો હતો.

અંદાજે નવ હજારથી વધુ સાધર્મિકોએ સંઘ સ્વામી વાત્સલ્યનો લાભ લીધો હતો. દરેકને બેસાડીને જમાડવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી સીમંધર જિન ભક્તિ મંડળ, શ્રી વિહાર સેવા ગ્રુપ, શ્રી રાજસ્થાન જૈન યુવક મંડળ, સેવાભાવી કાર્યકરોનો સુંદર સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. રસોઈયા ચીમન મહારાજ વિ.ના સ્ટાફ તથા સંઘની પેઢીના સ્ટાફનો સુંદર સાથ સહકાર મળ્યો હતો.

# CREDAI-MCHI થાણા દ્વારા ૧૦ મા સ્પોર્ટ્સ ડે નિમિત્તે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું






CREDAI-MCHI થાણા દ્વારા બુધવાર, તા.૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ 'ધ પિચર્સ', યેઉર, થાણે ખાતે તેના ૧૦ મા સ્પોર્ટ્સ ડેનું યોજન કરાયું હતું. દિવસે 'અંડર આર્મ ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ' માં ૧૬ ટીમોએ ભાગ લીધો હતો, જેમાંથી ૧૩ ટીમો CREDAI-MCHI થાણેના સભ્યોની હતી, જ્યારે ૩ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (TMC), એટલે કે TDO, PWD અને ફાયર બ્રિગેડની હતી.

જિતેન્દ્ર મહેતા-પ્રમુખ, CREDAI-MCHI થાણેએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧૦ મા સ્પોર્ટ્સ ડે પર તે ક્રિકેટને થાણેના વિકાસ અને વૃદ્ધિમાં હિતધારકોને એકસાથે આવવા અને ૪ જૂથોમાં ૨૭ મેચો રમવા માટે બાંધતી એક સામાન્ય કડી તરીકે જોઈને ખુશ થયા હતા. રમત એ ફિટનેસનું માધ્યમ છે; CREDAI-MCHI થાણે આ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે સદૈવ તૈયાર છે જે સ્પર્ધા અને જીતવાની તકો ખોલે છે, એમ તેમણે કહ્યું.

આ સ્પર્ધામાં બે ટીમો જોવા મળી-PWD થાણે અને સિદ્ધિ સ્ટેલિયન્સ. સિદ્ધિ સ્ટેલિયન્સે સતત ત્રીજી વખત ફાઈનલ ટુર્નામેન્ટ જીતી. વિજેતા ટીમને હાજર રહેલા તમામ લોકો દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા. ઈવેન્ટ માત્ર જીત અને હાર વિશે જ ન હતી, પરંતુ ટીમ સ્પિરિટ બનાવવા અને એક ટીમ તરીકે સાથે રમવા વિશે પણ હતી, એમ જીતેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું. તેઓ ક્રેડાઈ એમસીએચઈ થાણેના સભ્યો વચ્ચે ફેલોશિપ બનાવવા માટે ખૂબ આગળ વધ્યા છે તે દર્શાવતા તેમણે આ ઇવેન્ટને 'વિશાળ સફળતા' ગણાવી.

# લાયન્સ કલબ ઓફ મુલુંડ દ્વારા સંપન્ન થયેલા જનસેવાના પ્રોજેક્ટ





તા.૧૩ માર્ચ બુધવારના અનુદાનિત આશ્રમ શાળા રાઈચ ગાંવ, ભીવંડીમાં ૪૫૦ જેટલા લાભાર્થીઓને સ્પોર્ટ સાધનો, ફૂડ, વાસણો, આર્થિક સહાસ આપી પ્રોજેક્ટ અંતર્ગત ફક્ત રૂા.૪ લાખની મદદ કરાઈ. પ્રોજેક્ટના મેન્ટર અને દાતા લાયન બટુકભાઈ શાહ અને ડાયમન્ડ જ્યુબિલી સેલિબ્રેશન ચેરપર્સન લાયન મનિષ શાહ હતા.

ગુરુવાર, તા.૧૪ માર્ચના લાયન કિચન પ્રોજેક્ટ હેઠળ લાયન્સ સ્પોર્ટસ પેવેલિયનમાં ૫૦ જેટલા જરૂરિયાતમંદોને પ્રોજેક્ટ રકમ રૂા.૩ હજારનું આહાર વિતરીત કરાયો. મુખ્યદાતા લાયન મનિષ શાહ તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પિનાકી સારંગ હતા.

તા.૧૫ માર્ચ શુક્રવારના લાયન્સ ફૂડ ડીસ્ટ્રીબ્યુશન અંતર્ગત મુલુંડ કોલોની સ્થિત ઝૂલેલાલ મંદિર પરિસરમાં ૫૦ લાભાર્થીઓને ફૂડનું વિતરણ કરાયુ. કુલ રૂા.૧૨૫૦ પ્રોજેક્ટ ખર્ચ થયો. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ગૌરવ ઠક્કર અને લાયન સાગર રૂપારેલિયા હતા.

તા.૧૬ માર્ચ શનિવારના રોજ મુલુંડ ઈસ્ટમાં આર.આર. એજ્યુકેશન ટ્રસ્ટમાં વોટર કુલર ભેટ કરાયુ. જેનો લાભ ૧૨૦૦ જણને પ્રાપ્ત થશે. પ્રોજેક્ટની ફક્ત રૂા.૩૭ હજાર થઈ હતી. દાતા હતા ચિરંજીવ પ્રતાપ ઠક્કર પ્રોજેક્ટ ચેરપર્સન લાયન કમલેશ સચદે હતા.







તા.૧૭ માર્ચ, રવિવારના લાયન અર્લી મીલ પ્રોજેક્ટ અંતર્ગત ખીંડીપાડા પરિસરમાં ૫૦ જેટલા લાભાર્થીઓને રૂા.૧૨૫૦ પ્રોજેક્ટ રકમનું ભોજન પીરસાયું. ડોનર લાયન ધીરેન્દ્ર શાહ અને લાયન ઉમેશ બજાજ જયારે પ્રોજેક્ટ ચેરપર્સન લાયન નીતુ કોઠારી અને લાયન કિરણ વોરા હતા.

ઉપરના સેવા પ્રોજેક્ટની માહિતી વિગત તસ્વીરો સાથે સેવા કાર્યનું માર્ગદર્શન કરનારા ક્લબ સેક્રેટરી લાયન પુષ્પસ સંઘવીએ જણાવી હતી.

---

# કેશવપાડા પાસે નાળાના સ્લેબ કામનું ભૂમિપૂજન કરી કાર્યની શરૂઆત થઈ





પી.કે.રોડ સ્થિત કેશવપાડા નાળાનો સ્લેબ થોડા સમય અગાઉ કકડભૂસ થઈ ધસી પડયું હતું. જેને લીધે અત્રેના રહેવાસીઓને તકલીફ થતી હતી. વિધાનસભ્ય મિહિર કોટેચાના માર્ગદર્શન હેઠળ પૂર્વ નગરસેવિકા સમિતા કાંબલેના સઘન પ્રયત્નોથી લોખંડના ટેમ્પરરી બ્રિજની વ્યવસ્થા કરાઈ હતી. તે સ્થળે હવે કોંક્રીટનો સ્લેબ બનાવવાના કાર્યનું ભૂમિપૂજન ધારાસભ્ય મિહિર કોટેચા અને પૂર્વ નગરસેવિકા સમિતા કાંબલે દ્વારા કરાયું હતું. આ પ્રસંગે પક્ષ કાર્યકરો સહિત સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતા.



# ન્યાય યાત્રામાં સામેલ ઉત્તર પ્રદેશ કોંગ્રેસના નેતાઓનું મુલુંડ(વે)માં ભવ્ય સન્માન કરાયું

મુંબઈ- કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાના ભવ્ય સમાપન સમારોહ બાદ આ ન્યાય યાત્રાની સાથે, રાહુલ ગાંધીની ટીમમાં મણિપુરથી જોડાયેલા યુવા નેતાઓ તરૂણ પટેલ (પૂર્વ પ્રમુખ ઉત્તર પ્રદેશ યુથ કોંગ્રેસ, ભૂતપૂર્વ સાંસદ ઉમેદવાર કોંગ્રેસ ઉત્તર પ્રદેશ), અને રાહુલ સચન (પૂર્વ પ્રમુખ ઉત્તર પ્રદેશ ઓબીસી વિભાગ, અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ઉત્તર પ્રદેશ NSUI)નું કેશવ પાડા, મુલુંડ વેસ્ટ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડો. બાબુલાલસિંહ પટેલની અધ્યક્ષતામાં આયોજિત કાર્યક્રમમાં ડો.સચિન સિંહ (મહામંત્રી ઉત્તર ભારતીય સેલ મહારાષ્ટ્ર કોંગ્રેસ) અને એસ.કે. સિંહ (કાર્યકારી પ્રમુખ ઉત્તર ભારતીય સેલ મહારાષ્ટ્ર કોંગ્રેસ)નું શાલ અને પુષ્પગચ્છ ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજવાદી પાર્ટી મુંબઈના મહામંત્રી રમાશંકર તિવારી, અબ્દુલ જે.ખાન, ડો. રામામૂર્તિ વર્મા (અપના દળના ભૂતપૂર્વ નેતા), ઉત્તર પ્રદેશ સેલના પ્રદેશ સચિવ શરીફ ખાન, બબીતા ગુપ્તા, મેથ્યુ ચેરિયન, દયાશંકર પાલ (કરાટે પ્રશિક્ષક), રામ અચલ પટેલ, જગદીશ શર્મા (પ્રમુખ જન નાયક કર્પુરી ઠાકુર સેવા સંઘ, મુંબઈ), રાકેશ મિશ્રા, અનિરુદ્ધ દુબે, નરેન્દ્ર કુમાર સિંહ, બોબી શર્મા, મહાનંદ સિંહ, હૃદય નારાયણ સિંહ, રાજકુમાર સિંહ, મનોજ સિંહ, સુનિતા શ્રીવાસ્તવ, આરતી સિંહ સહિત અનેક મહાનુભાવોએ સન્માનિત મહેમાનનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં તરૂણ પટેલ અને રાહુલ સચાને જણાવ્યું હતું કે દેશભરમાં પરિવર્તનની લહેર ચાલી રહી છે જાતિ ગત જનગણતરીની વાત છે. દરેક રાજ્યમાં ભરપૂર સમર્થન છે. સરકાર અને ગોદી મીડિયા મળીને રાહુલનો અવાજ જેટલું કરી શકે તેટલું દબાવવાનો પ્રયાસ કરે જનમત અને લોકોની ભીડ દેખાઈ રહી છે કે સૂત્રોચ્ચાર બાજના દિવસો પૂરા થઈ ગયા છે. દેશનું ભવિષ્ય રાહુલ ગાંધી છે એ દેશનો સ્પષ્ટ સંદેશ છે.





ભૂતપૂર્વ કોર્પોરેટર પ્રકાશ ગંગાધરે એ ઉત્તરપૂર્વ મુંબઈ લોકસભા મતવિસ્તારના ઉમેદવાર અને ધારાસભ્ય મિહિર કોટેચા જનસંપર્ક કાર્યાલયની મુલાકાત લીધી અને આગળ લોકસભામાં જીતીને આવે એ માટે શુભેચ્છા પાઠવી હતી

# સંગિની ફોરમ મુલુંડ દ્વારા અનસ્ટોપેબલ શરદ લશ્કરી લાઈવ





સંગિની ફોરમ મુલુંડ તા.૧૩ માર્ચના કાલિદાસ ઓડિટોરિયમમાં ધમાકેદાર પ્રોગ્રામનું પ્રથમવાર જ સંગિનીના કપલ, ફેમિલી, ફ્રેન્ડસ સાથેનું આયોજન કરેલ હતું તેમજ મુલુંડના જૈન સમાજના દરેક ગ્રુપના અગ્રેસર મોભીઓને આમંત્રિત કરી સંગિનીને સોશિયલ એક્ટિવિટીઝમાં સામેલ કરવા બદલ આભાર વ્યક્ત કરેલ હતો. આ કાર્યક્રમમાં જેએસજીઆઈએફ બોમ્બે રિજનના ચેરપર્સન કિશોરભાઈ શાહ તેમજ ચેરમેન ઈલેક્ટ સંદીપભાઈ શાહ પધાર્યા હતા. જેમાં સંગિની ફોરમને રિયલ ડાયમંડ પીનના એવોર્ડના વિજેતા તરીકે જાહેર કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંગિનીના સંતાનોએ વ્હાઈટ ટોપ અને બ્લુ જીન્સમાં સજ્જ થઈ આવ્યા હતા તેમજ દરેક કાર્યમાં સુંદર સહકાર આપ્યો હતો.

આ સુપરડુપર ઓર્કેસ્ટ્રામાં સહુ મન મૂકીને આનંદ માણ્યો હતો. હોલી તેમજ યારી દોસ્તીના સોંગમાં ધૂમ મચી ગઈ હતી. સંગિનીનો આ પ્રયાસ સરાહનીય રહ્યો હતો. એન્ટ્રીમાં સહુ મેમ્બરને સ્વાદિષ્ટ મુખવાસ હેમ્પર આપવામાં આવ્યું હતું.



# ગોલ્ડન એજ ગ્રુપની પાંચમી મિટિંગ યોજાઈ



ગોલ્ડન એજ ગ્રુપ ૨૦૨૪ આર્ય નિવાસ ટ્રસ્ટના સૌજન્યથી આ વરસની ૫ મી મીટીંગ તા. ૧૪ માર્ચ ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન વિકાસ સેન્ટરમાં આર્ય નિવાસ હોલમાં યોજવામાં આવી હતી. જેમાં ૯૦ જેટલા મેમ્બરો એ હાજરી પુરાવી હતી. સૌ પ્રથમ સ્વ.હંસાબેન ઠક્કર તેમજ સ્વ. મહેન્દ્ર ભાઈ પોપટને શ્રદ્ધાંજલિ આપવા માટે બે મિનિટ માટે મૌન પાળવામાં આવ્યું હતું. આ મહિનામાં જે મેમ્બરોના જન્મ દિવસ હતા. તેમને બધા મેમ્બરોએ વધાઈ આપી હતી. ગુલાબો શિંગ તેલ કંપનીમાંથી છાયાબેનને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે મસ્તી મજાક સાથે હાઉસી રમાડી. કંપની તરફથી વિજેતાઓને ગુલાબો તેલના કુપનો વિતરીત કર્યા હતા. પ્રોગ્રામમાં આપવામાં આવેલ નાસ્તો તેમજ આઇસ્ક્રીમ ભારતીબેન માણેક, કાશ્મીરા બારભાયા, પ્રતિમાબેન આઇયા, દક્ષા બેન દામાણી તેમજ સ્વ.હંસાબેન ઠક્કર તરફથી આપવામાં આવ્યો હતો. પ્રધુમન ગાંધી, હેમંત ગોસર, મીનાબેન ઠક્કર અને જ્યોત્સનાબેન વસાએ સંચાલન કર્યું હતું.



# મુલુંડમાં ૧૪ અગ્રણી મહિલાઓને 'નારી ગૌરવ'થી સન્માન કરાયું



મા.રાજયપાલશ્રી સન્માનિત લાલજી સર સંચાલિત આનંદ કલાસીસના માધ્યમથી યોજાયેલા ૪૬ મા મહિનાના રાશન વિતરણમાં ૨૧૨ જરૂરતમંદ પરિવારોને રાશનકીટ અપાઈ હતી . પ્રથમ તબક્કામાં યોગાનુયોગ મહિલા દિવસની પૂર્વસંધ્યાએ તા. ૭ માર્ચના રોજ મુલુંડ પશ્ચિમમાં મુલુંડ હાઈસ્કૂલ પ્રાંગણ હોલમાં લાલજી સર આનંદ કલાસીસ અને એડ.સંજય માલી-સ્નેહા કેટરર્સ દ્વારા થયેલ મહિલા દિન ઉજવણી માં મુલુંડની ૧૪ જેટલી અગ્રણી મહિલાઓને સન્માનિત કરી નારીશક્તિ વંદના કરવામાં આવી હતી. મેરેથોન ગ્રુપના અનુસુયાબેન રમણિકભાઈ શાહ, ઓમ ફેઈટના રાહુલભાઈ જોશીના શારદાબેન જગન્નાથભાઈ જોશી, શ્રી ક.લોમ. મુલુંડના મે.ટ્રસ્ટી શ્રીમતી માયાબેન ગીરીશભાઈ કોઠારી, માજી નગરસેવિકા શ્રીમતી પ્રભાબેન પોપટ, શ્રીમતી મનોરમાબેન હીરાલાલભાઈ મૃગ વતી એમની દીકરી દર્શના કેસરિયા, સમાજસેવિકા શ્રીમતી સંધ્યાબેન અરૂણભાઈ ભીં ડે,દરિયામાં થતા પ્રદૂષણ સામે જાગૃતિ કેળવવા સમુદ્ર તરણ કરેલ એમ બી બી એસ પ્રથમ વર્ષમાં ભણતી કુમારી હેઝલ પૂનમ મીતેશ રાયકુંડલિયા, હેપ્પી હોમ મેકર કવિતા પંકજ વિસનજીભાઈ ટારી, મુંબઈની પ્રથમ કચ્છી કવયિત્રી મનીષા અજય વીરા 'મન',વૃદ્ધાશ્રમ સંચાલિકા વૈષ્ણવી ઐયર, રમતવીર નેહા જોશી વગેરેને ક્રાઉન, ખેસ પહેરાવી, ફોટા સાથેની સિલ્વર ટ્રોફી, ફોટા સાથેનું કોફી મગ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પારિવારિક કારણો સર ઉપસ્થિત ન રહી શકનાર શ્રીમતી જયાબેન સુંદરજીભાઈ શાહ,ડૉ.ફાલ્ગુની અનીશ શાહ અને મનીષા સચીન રૂપારેલ-મંગેને આ સન્માન પાછળથી આપવામાં આવ્યા હતા. દરેકની સિદ્ધિઓની છણાવટ લાલજી સરે કરી હતી. સન્માન પ્રાપ્ત બધાએ પોતાના વક્તવ્યમાં લાલજી સરની મહિલા દિનની ભાવભરી ઉજવણીની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના બીજા તબક્કા વિતરણમાં પણ મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. દિવ્યાંગ મહિલાને સીલાઈ મશીન મનીષા વીરા, વિદ્યાર્થીનીઓને ફી અને રોટી મેકર મશીન લાલજી સર તરફથી અપાયા. જરૂરતમંદોને મહિલાઓને કંબોડ ખુરશી, વોકર, ચાર વોકીંગ સ્ટીકસ માનવ જ્યોત તરફથી અપાયા. આ પ્રસંગે બ્ર.કુ. વર્ષા દીદી અને ક્રિષ્ના દીદીના આશીર્વચન પ્રાપ્ત થયા હતા. મહિલા દિને કિન્નરોને પણ વિશે, માન આપવામાં આવ્યું હતું.

નિયમિત હનુમાન ચાલીસા પારાયણ બાદ સરસ્વતી દેવી, શ્રી જલારામ બાપા અને અયોધ્યા મંદિર પ્રતિકૃતિ સમીપ આ મહિલાઓ દ્વારા દ્વારા દીપ પ્રાગટ્યમાં માયાબેન રાહુલભાઈ જોશી, ભાનુબેન શાંતિલાલભાઈ ઠક્કર, નીતલ લોડાયા, કંચનબેન ઠક્કર,ભગવતીબેન કોઠારી, જોડાયા હતા. સ્વાગત પ્રવચનમાં આયોજક લાલજી સરે દાતાશ્રીઓ સંગાથે રાશન વિતરણ અને એડ શ્રી સંજયભાઈ માલી સાથે મહિલા દિન ઉજવણીની પાર્શ્વભૂમિ વણી લીધી હતી આ પ્રસંગે વિવિધ દાતાઓનો સાથ સહયોગ મળ્યો હતો. હોલ માટે પૂર્ણ સહયોગ એડ સંજયભાઈ માલી-સ્નેહા કેટરર્સનો મળ્યો હતો. કાર્યક્રમનું સંકલન અને સંચાલન લાલજી સરે કર્યું.



નારી વિશ્વ

સંકલન : જસ્મીના છેડા

(Mob.: 9920927727)

# નિવૃત્તિ (Retirement)

Retirement એટલે નિવૃત્તિ. જનરલી ૬૦ વર્ષે માણસ રિટાયર થાય છે. સિનિયર સિટીઝન ગણવામાં આવે છે. ગર્વમેન્ટ જોબ કરનારને હજી પેન્શન મળતા હોય છે પણ સ્ત્રી ક્યારે રિટાયર્ડ નથી થતી ને ન થવું જોઈએ. સ્ત્રીની ઉંમર મોટી થતી જાય ત્યાં સુધી પરિવાર માટે કામ કરતી હોય છે. બાળકોને ૨૦ વર્ષ સુધી મોટા કરવા, ભણાવવા, લગ્ન કરાવી આપવામાં ખર્ચ થઈ જાય છે. પણ પોતાને માટે રિટાયર્ડ થયા પછી મની સેવ નથી કરતા. બાળકોની ઉછર સાથે સાથે મની સેવ કરવું જરૂરી છે. રિટાયર્ડ પછી તમારા કમાયેલા પૈસા તમને કામ આવે. રિટાયર્ડ થયા પછી પણ મનગમતી પ્રવૃત્તિ કરવી. શરીરને માફક આવે એવું કામ કરતા રહેવું જેથી તમે બીઝી હોય. સારા કામ કરતા રહો કોઈને મદદરૂપ થતા રહો. આપણે વિચારીએ બુઢા થાશું, રિટાયર્ડ થાશું, પછી કરશું. એ ભ્રમણામાં આપણે જીવીએ છીએ. નિવૃત્તિ થયા પછી અલગ મજાની લાઈફ જીવવી જોઈએ, જાણે તમે બેચલર હતા એવી લાઈફ થઈ જાય મોજ મસ્તી કરો બધાને મળો જે ઈચ્છા થઈ હોય ખાવું. પણ શરીરને સદવું જોઈએ. રિટાયર્ડ થવાના આરે હોઈએ એટલે દાંત પડી જાય, વાળ સફેદ થઈ જાય, આંખે કેટરેટ આવી જાય. બોન વીક થઈ જાય આ બધી ચીજોને કદી ધ્યાન નથી આપતા. રિટાયર્ડ થયા પછી તમે પતિ-પત્ની એક બીજા સાથે સુખમય સમય પસાર કરી શકો એવું કરી રાખવું જરૂરી છે. કામમાંથી નિવૃત્ત થાઓ પણ લાઈફમાંથી નહી.

The longer v live
The more beautiful life becomes
Want your age by friends, not years
There are far better things ahead
Than we ever leave behind
Retire from work but not from life

# રોડના ખાડા મોનિટર કરવાની જવાબદારી મનપાની : હાઈકોર્ટ

રોડ પરના ખાડાઓને કારણે થતા અકસ્માત બાબતે કોર્ટે આપેલા આદેશ છતાં બીએમસી દ્વારા એનું પાલન ન કરાતું હોવાથી એડ્વોકેટ ઋજુ ઠક્કરે કોર્ટના અવમાનની કરેલી અરજી પર સુનાવણી કરતાં બોમ્બે હાઈ કોર્ટે બીએમસીને કહ્યું છે કે દરેક રોડ-ઍક્સિડન્ટ કે ખાડાઓ અમે મોનિટર કરીએ એ શક્ય નથી, એ જવાબદારી બીએમસીની છે.

હા ઈ કોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્ર ઉપાધ્યાય અને જસ્ટિસ આરિફ ડૉક્ટરે એ પણ નોંધ્યું હતું કે બીએમસી દ્વારા ગયા મોન્સૂનમાં રસ્તા પરના ખાડા પૂરવા ૨૭૩ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો એમ છતાં રસ્તાની કન્ડિશન સુધરી નથી. બીએમસી તરફથી કહેવામાં આવ્યું હતું કે મુંબઈના ૨૦૫૦ કિલો મીટર રોડ માંથી ૧૨૨૪ કિલોમીટરના રોડનું કોન્ક્રીટાઈઝેશન થઈ ગયું છે અને ૩૫૬ કિલોમીટર રોડનું કોન્ક્રીટાઈ ઝે શન ચા લી રહ્યું છે. એ કોન્ક્રીટાઈઝેશન બાદ રસ્તા પર ખાડા નહીં પડે. કોર્ટે આગળની સુનાવણી ૧૫ એપ્રિલે રાખી છે.

## શ્રી કચ્છી દેશ સારસ્વત બ્રાહ્મણ મહિલા વિભાગ દ્વારા

# પ્રાણિક હીલીંગ કાર્યક્રમનું આયોજન

તા.૩૦ માર્ચ શનિવાર બપોરે ૪ થી ૭ સારસ્વત વાડી મુલુંડ (વે) મધે શ્રી ક.દે.સા.બ્રા. મહિલા વિભાગ દ્વારા ''પ્રાણિક હીલિંગ'' ''Free healing for health issues''નો કાર્યક્રમ ''ડૉક્ટર ભૂમિકા બેઠારિયા''નું આયોજન કરવામાં આવ્યુ છે. જે સૌ માટે ફ્રી ઓફ કોસ્ટ રહેશે.

આજકાલની ભાગ દોડ ભરી જિંદગીમાં દરેકને કોઈને કોઈ પ્રોબ્લેમ હોય જ છે જેના કારણે અનિદ્રા, ડર, anxiety phobia જેવી માનસિક તકલીફોનો સામનો કરવો પડતો હોય છે આવા બીજા અનેક કારણોથી મુક્ત કેવી રીતે થવાય? એની સારવાર જાતે કરવા અને બીજાને પણ તમે મદદરૂપ થઈ શકો એ માટે આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેનું લાઈવ ચિકિત્સા પ્રયોગ તમને બતાવવામાં આવશે.


ખાસ કરીને મહિલાઓ, બાળકો, યુવાનોને આ સમસ્યા વધારે હેરાન કરે છે એટલે જો ઘરમાં કોઈ વ્યક્તિને આવી સમસ્યા હોય તો એમને આ પ્રોગ્રામમાં જરૂરથી લાવશો તો તમે પ્રેટિક્સ જોઈ અને આ ચિકિત્સા હીલિંગનો લાભ લઇ શકશો.

તમારૂં નામ જલ્દીથી મંત્રીઓ ધર્મિષ્ઠાબેન સાહિલ-૯૯૬૭ ૮૭૦૫૧૧, હર્ષાબેન જોશી-૯૮૬૭૧ ૮૫૦૮૩, રીટાબેન રાડિયા-૮૮૭૯૯ ૫૪૨૩૯ પાસે લખાવવા.

# રિદ્ધિ સિદ્ધિ ગ્રુપનો આગામી કાર્યક્રમ: વનડે પિકનીક માંડવી રિસોર્ટમાં

મનોરંજનના બેતાજબાદશાહ રાજેન્દ્ર અગરબત્તીવાલા પ્રસ્તુત કરે છે મોજમાં રહેવું... મોજમાં રહેવું. રિદ્ધિ સિદ્ધિ ગ્રુપનો આગામી કાર્યક્રમ વનડે પિકનિક માંડવી રિસોર્ટમાં રવિવાર, તા.૩૧ માર્ચના રાખેલ છે. ગરમીથી છૂટકારો મેળવવા, પાણીમાં છબછબીયા કરવા ચાલો.. વનડે પિકનિકમાં દિવસ દરમ્યાન ગોલા, પોપકોર્નની સાથે સાથે બ્રેકફાસ્ટ, લંચ, ડીનર ગેમ શો તેમજ સંગીત અને હાસ્યની ધમાચકડીમચાવશે અને હા... ઈનામોની વણઝાર પણ ખરી તમે આવશો તો અમને ગમશે પણ બધા આવશો તો અમને બહુ જ ગમશે. ખાસ નોંધ: આપને અગવડ ન પડે તે માટે સારી વ્યવસ્થાના ભાગરૂપે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. સંપર્ક: રાજેન્દ્ર અગરબત્તીવાલા: ૯૮૨૦૩ ૦૨૯૦૨, વિશાલ મહેતા: ૯૮૧૯૦ ૨૬૭૩૭

## હોળી આવી રે...



ભાવના રીતેશ ગડા

ફાગણ મહિનો આવ્યો ને,
રંગોનો તહેવાર આવ્યો,
આવી રંગબેરંગી હોળી,
આંગણ આંગણમાં રંગોળી,
ખેતરમાં પાકનો પીળો રંગ વિખેરાયો,
કળી કળીના મુખ થયા રંગીલા,
આંબા ડાળે કોયલ ગીત મધુરા ગાય,
ફૂલોની ડાળી ઝૂકી ઝૂકી જાય,
ફૂલે ફૂલે ભમરો ગુંજન કરતો,
ગીતો ગાવા સૌનું મન લલચાતું,
ઊડે અબીલ-ગુલાલ ગલી ગલીમાં,
પિચકારીના ઊડે ફુવારા
ગાલે ગાલે ગુલાલ છલકતો
ગીત સૌ હોળીના ગાતા,
છલકાતો રંગોનો ખ્યાલો,
હોળી નો તહેવાર નિરાળો.



Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# મુલુંડ ગાયત્રી સમાજ – મિહિર ચંદ્રકાન્ત કોટેચા દ્વારા ૪૧મું ૧૧ કૂંડી ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન







મુલુંડ ગાયત્રી સમાજ અને મિહિર ચંદ્રકાન્ત કોટેચાના આયોજન હેઠળ અવિરત ૪૧મા વર્ષે ૧૧ કૂંડી ગાયત્રી મહાયજ્ઞ દયાનંદ સરસ્વતી વૈદિક સ્કૂલ ચંદન બાગ લેન, મુલુંડ (પશ્ચિમ) સ્થળે સવારે ૯ થી બપોરે ૧ દરમ્યાન ભવ્યાતથી સંપન્ન થયુ. મહાયજ્ઞના આચાર્યપદે પ.પૂ. રમણિકભાઈ આથા, પ.પૂ. રાજેશભાઈ જરીવાલા, પ.પૂ. શ્રીમતી ચારૂબેન ભટ્ટ રહ્યા હતા. મોટી સંખ્યામાં ભાવિક ભાઈ-બહેનો ઉપસ્થિત રહી આહુતિ અર્પણ કરી લાભ લીધો હતો.





મહાયજ્ઞમાં સાંસદ મનોજ કોટક, પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે સહિત ગણ્ય માન્યવર દર્શન, વંદન આશીર્વાદ લીધા હતા.

પધારેલ સૌ ભક્તજનોએ મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્ય થયા હતા.







